નણંદ ભોજાઈના ચમત્કાર

શેરને માથે સવાશેર.

એક વારતા.

બનાવનાર

કાસમભાઈ આહમદભાઈ હબીબભાઈ,

દીવાને કાસમ તથા દાનેસે કાસમનો કર્તા.

૪૪૯૯

નણંદ ભોજાઈના ચમત્કાર

શેરને માથે સવાશેર.

એક વારતા.

બનાવનાર

કાસમભાઈ આહમદભાઈ હબીબભાઈ,

દીવાને કાસમ તથા દાનેસે કાસમનો કર્તા.

મુંબઈમાં

'તત્વવિવેચક' છાપખાનામાં છપાવ્યું.

આ નાનકડી ચોપડી

શેઠ ખાનમહમદ હબીબભાઈ

તથા

શેઠ સાજનભાઈ મેરાલી

ના કીધેલાં શુભ કામોની સ્મૃતિને

લીધે રચી તેમના ઉદાર કામને

કર્તા અર્પણ કરે છે.

રાગ સારંગ.

ખાક હૈ ઇનસાન નહી રહેગા રે. ટેક.

ન રહે યહાંપે કુંચ હૈ જારી,
માલ ખઝાના સબ યહાં રહેગા રે. ખાક.

હાલ નહીં દેખા આવત જાવત કા,
મત કર ગરૂરી વોહ નાહી સહેગા રે. ખાક.

દમકા ભરોસા કબહુ નાહીં કરના,
હઝારોંકા દમ યહાંસે બહેગા રે. ખાક.

બીયાબાન જંગલ કાસમ બસેગા,
બનમાલી સબ પાપ તુજકો કહેગા રે. ખાક.

રાગ સારંગ.

સજના ઝીંદગાની કા મેલારે,
જન જનાવર આદમ જાય અકેલારે. સજના.

નહીં મૌકુફ યહાંપે કોઇ ઠએરે,
ભાર નેકી બદીકા સરપે થેલારે. સજના.

ઈનસાન જનાવર સબી કોઈ ફાની,
મેહેર કરનવાલા વોહી અલબેલારે. સજના.

રાત દીન કાસમ રહેતું ઝીકર મેં,
લી જાવે ગુરૂ અપના ચેલારે. સજના.

દીબાચો.

આ ચોપડી કંઇ વારતારૂપે અથવા નસીહતરૂપે લખવાનો મારો હેતુ છેજ નહી પણ મારી કોમમાં થઇ ગએલા એ સખી વજુદ પુરૂષો શેઠ **ખાનમાહમદ હબીબભાઇ** તથા **શેઠ સાજનભાઈ મેરાલીભાઇએ** કીધેલાં ધર્માતુ કામોને યાદરાખી તે લોકોનાં શુભ નામોને અર્પણ કરવાનો છે. મારૂં કહેતું બીલકુલ એમ નથી કે આ મારી ચોપડીથી તે સાહેબોના નામ કોઇ રીતે સજીવન થાય છે. અથવા તો યાદદાસ્તપર આવે છે. નહી, તે સાહેબોનાં કીધેલાં કામો અને સખાવત એજ તેઓનાં નામને ઝેબાયશ આપવાને પુરતાં છે. તોપણ મારા દીલની શુભ લાગણી દર્શાવતાં હું ભુલી જાઉં એ વાજબી કહેવાય નહી તેથી આ નાન-કડું પુસ્તક મારી તરફથી તે સખી વજુદ પુરૂષોની લાગણીમાં બહાર પડેલું આલમ સ્વીકારશે. આ વારતામાંથી કોઇપણ બાઈ અથવા ભાઇએ ખોટો સાર લેવો નહીં. મારો કોઇરીતે સ્ત્રી ચરિત્રને ઉતેજન આપવાનો મત નથી ઉલટું સ્ત્રીનું સાહ-સિકપણું, હુશીઆરી, દુરઅંદેશી અને ચંચળાઇ દેખાડવાને

ખરો હેતુ છે. વાસ્તે આ વારતામાંથી વાંચનારાઓએ શુભ સાર ગ્રહણ કરવો.

મરહુમ શેઠ **ખાનમાહમદ હબીબભાઇ** ખોજા, તથા પરજ્ઞાતના છોકરાઓના વિદ્યાભ્યાસ માટે એક અંગ્રેજી તથા ગુજરાતી શાળા સ્થાપી છે. તેમજ મરહુમ શેઠ **સાજનભાઈ મેરાલીએ** પોતાનીજ જ્ઞાતના ફાયદા સારૂ એક દવાખાનું તથા કન્યાશાળા સ્થાપી છે.

શેઠ **ખાનમાહમદ હબીબભાઇએ** આ જહાનથી ઇ. સ. ૧૮૬૪ ના અકટોબર માસમાં તથા શેઠ **સાજનભાઈ મેરાલીએ** ઇ. સ. ૧૮૪૩ના જુલાઇ માસમાં મીનોઇ જહાનમાં વાસો કીધોછે.

નણંદ ભોજાઇના ચમત્કાર
શેરને માથે સવાશેર.

દોહરો.

સઉને રસમા રાખવા અંત લેવો નહીં
એકથી એક સઉ સરસછે ઉતરતો કેવો નહીં.

પ્રકરણ ૧ લું.

રાજનગરમાં અસલના વખતમાં એક શાહુકારના ઘરમાં તેની ચંદનબા નામે પુત્રી અને ચતુરવહુ નામે છોકરાની વહુ એક દિવસ વાદવિવાદ કરતાં, પોતાની હુશીયારીની શીશીયારી મારતાં લઢી પડયાં અને તે બે વચ્ચે સરત પડી. નણંદ કહે "ભાભી તું મને ઓળખતી નથી હું તો આભ ફાડી નાંખું તેવી છું." ભોજાઇ કહે બેન કોઇનું અભિમાન રહેતું નથી. જગતમાં પરમેશ્વરે એકએકથી ચઢતો ઉતરતો વર્ગ રાખ્યોછે." "એવું મેંડનું બોલીને તું શું કહેવા માગેછે?" "બેન છેક હાડ-થી ના જાઓ! એમાં કંઇ માલ નથી! ચઢ ઉતર કરવાની

જરૂર નથી ! અલબત તમે હુશીયાર હશો !" "પણ ભાભી ! હું તો તને છક્કડ મારીને કહુંછું કે જો તારામાં હિમત હોય તો થા તૈયાર ! કાયર શું થૈ જાયછે ! પોતાની હુશીયારી એમ ભરમ ભરેલા બોલમાં શું બતાવેછે !" "બેન ! તમે હુશીયાર ! તમારા આગળ હું કોણ !" "ત્યારે કોઈ દિવસ મારા સાથે શીશીયારીની અને હુશીયારીની વાત કરવી નહિ !" "બેન પેહેલાં તમેજ શીશીયારી મારવા લાગ્યાં ત્યારે મારે તમને શીખામણ દેવી પડી." "અરે બેશ બેશ ! તું મને કોણ શિખામણ દેનારી ! તારા જેવીઓને તો હું ખીસામાં ઘાલીને ફરૂં તેવી છું !" "ચંદનબા ! વધારે અભિમાન ન કરો" "ભાભી તું એમ નહિ જંપે ! તને કંઈ ચમત્કાર બતાવવો પડશે." "ત્યારે શું કામ નથી બતાવતાં, એટલાં હુશીયાર છો તો ?" ત્યારે જોઇ લેજે આજ રાત્રેજ ! પછી અજમાવજે તારો ઇલમ !" "ઠીક બા ઠીક ! હાલતો હુ કંઇ નથી કહેતી પણ વખત આવે સહુ સારાં વાનાં થૈ રહેશે ! પ્રભુનો કુદરતી નિયમ કદિ ત્રુટવાનો છે ! ભલભલા પડયાછે." આ રીતે વાદ-વીવાદ કરીને સહુ સહુના કામે વળગ્યાં.

પ્રકરણ ૨ જું.

રાજનગરનો મહારાજા કેશવ પ્રસાદ એક ધર્મચુસ્ત અને અદલઇનસાફી હતો. તેની રાણી દયા લક્ષ્મી ખરેખર દયાનોજ અવતાર હતી. પ્રજાને કોઈ પ્રકારનું દુઃખ નહતું. ચોરી કે વ્યભિચારનું તો કોઈ નાંમ જાણતું નહતું છતાં કોઇ તેવું બદ કામ કરે તો તેજ પકડૈ જતું. મહારાજાની દરબારમાં એક લુલો અને આંધળો કરીને બે અતિશય ચાલાક હતાં. તેમને જે ખોડ હતી તે તેમનામાં ચોર અને વ્યભિચાર પકડી કાડવાની અલૌકીક ખુબીથી પુરાઈ ગૈ હતી. તેઓ રાત્રે શેહેરમાં રોણ ફરવા નીકળતા. અને જો કોઈ ઠેકાણે આ બેમાનું કોઈ પણ કામ થતું હોય તો તે તરત પકડી આપતા. એક દિવસે રાત્રે તેઓની ચોકી ફરવા નીકળી. ફરતાં ફરતાં માણેક ચોકમાં આવી ત્યાં લંગડો અને આંધળો બેઉ ઉભા રહ્યા. તેમની સાથેનાં માણસો એ જાણ્યું કે કાંઈ છે ખરૂં. તેઓએ જોઇતો પારેખની દુકાન ઉપર છાપો માર્યો. સિપાઇઓ બારણાં ઉઘડાવી અંદર પેઠા. ત્યાં બે સ્ત્રી પુરૂષ નજરે પડ્યાં. આ ચોર નથી પણ વ્યભિચારી છે. રાજનગરમાં લસ્કર રાખવાનો એક જબરજસ્ત કીલ્લો હતો તેમાં

શેહેરના લોકોની માનીતી–દેવી–નું મંદીર હતું, તેમાં ચોર અને વ્યભિચારીને પુરવાનો રીવાજ હતો. લોકો અને ધર્મોંધ મહારાજા કેશવ પ્રસાદ એવું માનતા કે જે મહા પાપી હોય છે તેને માતાજ શિક્ષા કરે છે! આવા દાખલા બન્યા હતા. કોઈ વખત કોઇને મંદીરમાં પુર્યા પછી સવારે ઉઘાડતાં તે મરણ પામેલા માલમ પડે. પછી તે ગુંગળાઇ કે પોતાની ફજેતી થશે એવી ધાસ્તીથી હેબતમાં મરી જતાં પણ લોકો અને મહારાજાને તો દેવી પાપીનેજ શિક્ષા કરે છે તેવી આસ્તા બેશી ગૈ હતી! જીવતો નિકળે તે ઓછો ગુનેગાર છે એમ માનવામાં આવતું અને તેને શિક્ષામાં માત્ર કપાળે એક પૈસો ઉનો કરી ડામ દૈ કાઢી મુકતા. આ ડામથી તે જીવે ત્યાંસુધી શિક્ષા ભોગવ્તો. જોઈતા પારેખની દુકાનમાંથી પકડાયલાં સ્ત્રી પુરૂષને સિપાઈઓએ પકડીને રાતની રાત રેવાજ મુજબ માતાના મંદિરમાં પુરી મુકયાં.

પ્રકરણ ૩ જું.

ચતુર ભાભીને "આભ ફાડવાનું" કહ્યા પછી ચંદનબાને કંઇ ચેંન પડયું નહિ તેણે અનેક વિચારો, અનેક યુકિતઓ શોધી. આ ઠીક છે કે પેલી ઠીક છે, આની અંદર ફાવીશ કે પેલીની

અંદર ફાવીશ આ ઠીક છે, આ ઠીક નથી. એમ કરતાં કરતાં રાત પડી. દશ વાગ્યા. ઘરનાં બધાં માણસ સુઈ રહ્યાં પણ ચંદનબાને ચેન પડે નહિ. ભાભીના આગળ દમથી વાત કર્યા પછી જો કંઇ નહિ કરૂં તો મારૂં પાણી જશે, મારાથી તેના આગળ ઊંચું મોં કરી બોલાશે નહિ, તે મને જુઠ્ઠી, બે વચની ખોટી શીશીયારીખોર કહેશે. બેશક બોલતાં તો બોલે ગયું પણ કરવું કઠણછે. આ વખતે માંરી મુઝવણ હુંજ જાણું છું. પણ બોલતી વખતે મને બધું સરળ જણાતું હતું. જો તે વખતે મેં આ વખતે જે મુઝવણ પડે છે તેનો વિચાર કર્યો હોત તો બેશક હું વગર વિચાર્યું કામ ઉઠાવત નહિ, ઉઠાવ્યા પછી પડતું મુકવું એ કાયરનું કામ છે. ચાલ જીવ જે થાય તે ખરૂં, બેશી રહે અને વિમાસણ કરવે કંઇ વળવાનું નથી પણ ઉદ્યોગ કરવે વળશે, મેહેનતનો બદલો મળશે અને પ્રભુ લાજ રાખશે. તે ઉઠી અને મહારાણીની દયા લક્ષ્મીના મેહેલમાં પેઠી, જતા તેને કોઇએ રોકી નહિ, બાઈ માણસ, ભપકાબંધ, ઉમદા પોશાકમાં અને રૂપના તેજમાં સહુ અંજાઈ ગયાં. મહારાણી ચારપાંચ દાસીઓની વચમાં બેઠાં બેઠાં નાના પ્રકારની વાત કરતાં હતાં. તેમના આગળ ઉભા રહી, હાથ જોડી, ઉદાસ અને નમ્રતા ભરેલે ચહેરે ચંદન-

બાએ વિનયથી કહ્યું! મહાદેવી! જગત જનેતા! દયાની ખરેખર મુર્તી! હું તમારે શર્ણ આવી છું! કંઈ નહિ પણ દુઃખી પ્રાણીનું દુઃખ ભગાવાને! આપના જશવંતા હાથે જશ લેવડાવાને, ખરેખરૂં પરોપકારી કામ કરવાને અને તેપણ મારા લાભનેમાટે-સુખનેમાટે નહિ પણ બીજાનેમાટે—પુરૂપનેમાટે નહિ પણ રંક-અબળાજાતમાટે અને તેપણ પ્રાણના સંકટ વખતે—પ્રસવ વખતે, આપ પોતાના નામના ગુણવડે અને આપના રૂડા નશીબમાં કેવળ જશજ છે માટે આટલો જશ–ધર્મનું–દયાનું–પરોપકારનું અને જીવબચાવાનું કામ કરાવવાને માટે હું તસ્દી દેવા આવી છું." "પણ બેન એમાં હું તને શી શહાય કરૂં! તારે જો પૈસાની જરૂર હોય તો તે તૈયાર છે, માણસની જરૂર હોય તો તે હાજર છે, ઔષધ જોઈતાં હોય તો તે ભલે લૈજા, વૈદ કે સુઈયાણીનું કામ હોય તો તેપણ મારી આજ્ઞાથી તારીસાથે આવશે, બોલ તારે આમાંનું શું જોઇએછે! "માહારાણી એ પોતાનું મોટું દીલ બતાવતાં કહ્યું." માતુશ્રી! તે બધું આપના પુન્ય પ્રતાપથી છે. માત્ર આપની પોતાની હાજરીની જરૂર છે. "ચંદનબાએ ગદગદ કંઠે દલગીરીસાથે કહ્યું." આવે વખતો રાત્રીના અગીઆર વાગ્યા છે! માહારાજા પણ હજી આવ્યા

નથી, તેમની આજ્ઞાવગર આવવું એ દયાનું કામ છતાં, જીવ બચાવવાનું કામ છતાં આવવું ઠીક નથી. મહારાજાની આજ્ઞાવગર હું લાચાર થૈ જઉ છું! તો પણ મારા આવ્યાથી કેમ ગરજ સરશે તે કહે પછી હું વિચાર કરીશ. "મહારાણીએ લાચારી બતાવતાં ચંદનબાને પુછ્યું." મહાદેવી! આપણા શેહેરના જોઈતા પારેખની દુકાનમાં એક પરદેશી બ્રાહ્મણ જાત્રાળુ પોતાની બૈરી અને છોકરીને લૈને ઉતર્યો છે. દયાને ખાતર, પેલા બ્રાહ્મણની છોડીને એકાએક પેટમાં દુ:ખવા આવી ગયાથી, તેને ઉતરવાને કોઇ જગ્યા ન હોવાથી અડીને વખતે ધર્મને ખાતર તેમને દુકાનની પાછળ એક ઓરડામાં જગા કરી આપીછે. છોકરૂં આડું પડયુંછે. કોઈનો ઈલાજ ચાલતો નથી. સહુ થાકયાં, છોકરીની આશા છોડી. એક જીવ સાથે એના જીવ જાય છે, માબાપ બીચારાં રડે છે. તેવામાં એક ઘરડી ડોશીએ કહ્યું કે આવોજ એક બનાવ દીલ્લીમાં બન્યો હતો. તે વખતે જણનારીનો અને બચ્ચાનો જીવ બચાવવાને એક સાધુએ કહ્યું કે જે છોકરીનો જન્મ કાશીમાં થયો હોય જેણે ઘણા દિવસ સુધી ગંગામાં પોતાનો દેહ બોળીને અને કાશીવિશ્વેશ્વરનાં દર્શન કરીને અને ચંદ્રાયણ વ્રત કરીને જન્મનું સાર્થક કર્યુ હોય એવી પતિવ્રતા સ્ત્રિનાં

દર્શન થાય તો છુટ્ટા છેડા થાય. આ ઉપરથી કાશીના એક બ્રાહ્મણની છોડી જે દીલ્લીમાં એક બ્રાહ્મણ સાથે પરણી હતી અને જેણે આવું વૃત્ત કર્યું હતું તેને શોધી કાઢી પેલી પીડા પામતી બૈરી પાસે લૈ ગયા કે તેના દર્શનના પ્રતાપથી તરત છુટ્ટા છેડા થયા અને એના જીવ બચ્યા એવી રીતે જો થાય તો આ બ્રાહ્મણની છોડી દુઃખ પામતી મટે અને છુટા છેડા થઈ તેનો અને તેના બાલકનો જીવ બચે. પછી તેવી કોઈ ધર્માત્મા-પવિત્ર બાઈ આ રાજનગરમાં છે કે નહિ તેનો વિચાર કરતાં કરતાં મહા મેહેનતે અંતે મારી ભાભી ચતુર વહુ એ કહ્યું કે આપણાં મહારાણી શ્રીનું મોસાળ કાશીમાં છે અને તેથી તેઓએ એક ધર્મચુસ્ત અબળા તરીકે એ વૃત્ત જરૂર કર્યું હશે. માટે તેમને તેડી લાવો. આપને આવી તસ્દી આપતાં કોઈની હીમત ચાલી નહિ પણ છેવટ મને દયા આવી તેથી આપની પાસે આવી છું અને આવી રીતની હકીકત છે જેમ આપને ઠીક લાગે તેમ કરો. પણ જરૂર બ્રાહ્મણની છોકરીને માટે-એક જીવમાં બે જીવ બચાવાને આપના ક્ષત્રી ધર્મને-રાજ્ય ધર્મને-દયા ધર્મને અનુસરી મેહેરબાની કરો. તસ્દી તો કવખતે છે પણ શું કરૂં લાચાર છું. ' જો પધારો તો આપણ પાછે પગલે તરત નિકળી આવીશું.

કંઇ આપને ત્યાં ખોટી થવાનું કામ નથી માત્ર આપનાં દર્શન એ બાઇને થયાં કે ઝટ તેના છેડા છુટા થશે. જેમ ગયાં તેમ તરત વળીઆવી શું. દાશીનું સાથે કામ નથી. કોઇને કહેવાની કે ચક્ચાર કરવાની જરૂર નથી." ચંદનબાએ ચતુરાઈ વાપરીને મહારાણીનું મન પીગળાવ્યું. ચંદનબાનું ધાર્યું થયું.

પ્રકરણ ૪ થું.

અગીયાર વાગ્યાનાં ગએલાં મહારાણીને સાડાઅગીયાર વાગ્યા પણ પાછાં આવ્યાંજ નહિ, બાર વાગ્યા, સાડાબાર વાગ્યા, એક થયો, દોઢ થયો પણ મહારાણીનો પત્તોજ નહિ, શુ થયું! કેમ આવ્યાં નહિ! ગયાં નથી એમ કરીને પાછાં આવવાની કબુલાત આપ્યા છતાં શા કારણસર ન આવ્યાં! હે પ્રભુ હવે શું થશે! હમણાં મહારાજા આવશે! મહારાણીને દેખશે નહિ, તે વખતે તેમને શો જવાબ દૈશું! આ વાત કેટલી ઘડી છૂપાવી રાખીશું! આવાને આવા વિચાર કરતી, ગાંડા જેવી થૈ ગયેલી દાસીઓ મેહેલની બહાર રસ્તા ઉપર અહિંથી તહી આધી પાછી થાયછે. આ કોઇ આવ્યું, પેલું આવે એવી

એવી અટકળો કરે વળી તેમાં નિરાશ થાય. એવામાં એક સ્ત્રીને તેમણે આવતી જોઇ. જરૂર મહારાણી છે, તેમને આપણે ખુબ ઠપકો દૈએ, આજપછી એવી ધુતારીઓનું માનીને તેમનો અને આપણો જીવ જોખમમાં ન નાંખે, એવી દયા અને એવો પરોપકાર ઘેર ગયો ! આમ એકબીજાને કહેતી તેઓ પેલી બાઇ તરફ દોડી અને જાણે ખરેખર મહારાણીજ હોય તેમ તેઓ તેને ઠપકો દેવા વળગી ગૈઓ. પણ જ્યારે તેણે તે બાઇઓને પૂછ્યું કે તમે કોણછો અને કોને પુછોછો ત્યારે તેમને ભાન આવ્યું અને આતો મહારાણી નહિ એમ વિચારી વાત ઉડાવી. પણ આ અજાંણી બાઇએ તેઓને કહ્યુંકે હું કોઇને કંઇ કહીશ નહિ અને જો મને તમારૂં કામ જે હોયતે કહોતો હુંપણ તમને મદદ કરીશ. અંતે દાસીઓએ મહારાણી મેળાવી આપવાની આશામાં તેને બધી વાત કહી તે ઉપરથી પેલી અંજાણી બાઇએ તેમને દિલાસો દિધોકે કામતો કઠણ છે, રાતનો વખતછે પણ હું યુક્તિથી શેહેરમાં તપાસ કરીને મહારાણીને લૈ આવીશ. તમે જાઓ અને મેહેલ સાચવો. આ અંજાણી બાઇ ઉપર તેમને વિશ્વાસ આવ્યો. દાસીઓ મહેલમાં ગઇ અને પેલી બાઇએ મહારાણી શોધી આપવાનું માથે લીધેલું કામ આગળ ચલાવ્યુ.

આ અંજાણી બાઇ તે પેલાં ચંદનબાનાં ભાભી ચતુરવહુ હતાં જ્યારે ચંદનબા, મહારાણીને જોઇતા પારેખની દુકાનમાં પ્રપંચ-થી દાખલ કરીને દુકાને મોટું ખંભાતી તાળું દૈને ઘેર આવ્યાં ત્યારે તેમણે મરમમાંજ—જોરમાંજ ભાભીને છક્કડ મારી હતી કે "અલી ચાંપલી હું તો મારા બોલ સાચા કરી આવીછું! તારી માએ જો સવાશેર સુંઠ ખાધી હોય અને ખરા તોખારની હોયતો મેં જે "આભ ફાડયું છે" તેને તું "થીગડું દૈ આવ્ય." આ વચન ચતુરભાભી જેવી ચાલાકને છાતીએ બાણ જેવું વાગ્યું! તે ઉઠી અને શેહેરમાં શોધ કરવા લાગી. બેશક ચંદનબાએ "આભ ફાડયું છે" તે કોઈ મોટાનું ઘર ઘાલ્યું હશે. એમ જાણી તેણે શાહુકારવાડામાં થૈ પછી સરકારવાડામાં પ્રવેશ કર્યો અને પાછળ બતાવ્યું તેમ તેને દાસીઓથી મહારાણી ગુમ થવાના સમાચાર મળ્યા. પછી તેણે વિચાર્યું કે બેશક મહારાણીને કોઈ ઘરમાં ઘાલ્યાં હશેતો તે આંધળા લુલાની રોણ ફરવાની વખતે માલમ પડશે. તેણે તે તકનો લાભ લીધો અને જયારે ચોકી ફરવા નિકળી ત્યારે પાછળ પાછળ ચાલી તેમના ઝપાટામાં આવતા શીકારને જોવા માંડયો. જોઈતાશાહની દુકાનેથી બે વ્યભિચા-રી માણસ પકડાયાં અને તેમને મંદિરમાં પુર્યાં એ બધું ચતુર-

ભાભીએ ગુપ્તપણે જોઈ લીધું અને જ્યારે આંધલા લુલાની રોણમાં આ બેજણ વગર કોઈ ત્રીજું પકડાયું નહિ ત્યારે તેની ખાત્રી થઇકે પકડાયલાંમાં જરૂર મહારાણી હોવી જોઇએ. કેમકે જોઇતાશાહની દુકાનમાં કોઈ પરભાર્યું એવું કામ કરવા પેસે તેવો સંભવ નહતો; પણ ઘણું તો મેહેતો નામુ લખતો હોય અને તેનું ધ્યાન રોકાયલું હોય તે વખતે મહારાણીને અંદર દાખલ કરી દીધાં હોય એ બનવા જેવું છે, કેમકે અંદર પેઠેલાં અંદરની સાંકળ બંધ કરે. બહારના બારણાને તેઓ તાળું શી રીતે મારી શકે. આ અટકલ સારી હતી અને જેવા સિપાઇઓ બારણાં ઉઘાડી અંદર પેસી પેલાં બેજણને પકડી લૈ જૈ માતાના મંદિરમાં પુર્યાં તેવાંજ આખા રાજ્યનગરમાં હોહો થૈ રહી. રાતનો વખત છતાં લોક ભેગું થયું. જોઇતાશા આવ્યા માણસો આવ્યા, તપાસ કરી, દુકાનમાં કોણકોણ રાત્રે નામુ લખતા હતા. એકે કહ્યું હું તો મારૂં કામ કરી દસે ગયો હતો. બીજો ત્રીજો, ચોથો અને પાંચમો ગુમાસ્તો કહેકે અમે જ્યારે ઉઠ્યા ત્યારે એકલો છગનીયો નામુ લખતો હતો. અમે તેને કહ્યું કે અલ્યા ચાલ ત્યારે કહેકે હું તો મારૂં કામ પુરૂં કરી આવીશ. શેઠ સવારના ઠપકો દેછે માટે આજે પુરૂં કર્યા વગર ઉઠનાર નથી.

ત્યારે તો બેશક છગનભાઈનો ભોગ મળ્યા હશે. છગનના બાપે વાત સાંભળી તે હાય વાય કરતો રોતો ઘેર ગયો. તેણે બાયડીને ઉઠાડી વાત કહી. નશીબે હાથ દઈ રહ્યાં આંધળા લુલાને ગાળો દીધી. કોઈ અદેખાએ, દાઝે બળતા એ આપણું ઘર ઘાલ્યું વાંઝીયા કર્યા, માથે કલંક લગાડયું, તેઓનું ઘણું કલ્પાંત જોઈ ચતુર વહુ એ કહ્યું કાકીજી એમ રડવે શું થશે જે થયું તે થયું. હવે છગનભાઈ છુટે તેમ કરો, બેન બાપા! ત્યારે તું જ બતાવ્યને! છોકરો બચે, કલંક ન લાગે તો તું કહે તેમ કરીએ. બસે પાંચસેં બેસ્તાં લાંચ આપતા પણ છૂટે તેમ છે! ધાંધલ કરો નહિ હું કહું તેમ કરો. ઠીક તુ કહે તેમ કરીએ! તારો ઉપકાર! તું ડાહી! પરમેસ્વર! ધર્મની બેન! જો તારી યુક્તીથી છૂટે તો તેમ કર પછી ચતુરબાના કહેવાથી છગનભાઈની વહુને શણગાર્યાં તેમના હાથમાં એક થાળીમાં ઘીનો દીવો મુકી તે ઉપર ચારણી ઉંધી પાડી મુકીને આપ્યો. દસ પંદર બૈરીઓને ગીત ગાતી સાથે લીધી અને માતાને વધામણું દેવાને ચતુર ભાભી લઈ ચાલ્યાં. માતાના મંદીરે પોહોચ્યાં સીપાઈઓએ રોક્યાં! આ વખતે કંઈ નહિ બને! મંદીરમાં બે માણસને પુર્યાં છે! ઉઘડશે નહિ જાઓ સવારે આવજો. અરે બા

માતાનું કામ છે, માતાને વાંકું પડે, આકરી બાધા છે, માતા હાજરા હજુર છે, અમારી ચંદનબા એકાએક ઘભરાઈ ગયાં હતાં તેમને માતા સહાય થયાં. તમે દયાળું છો, માતાના ભગત છો, અમારે કંઈ બધાં ને જવું નથી એકને જવા દ્યો અને તે માતાને દીવો કરી નાળીએર ચઢાવી પાછી આવશે–એમ શુ કરો છો. તમે ડાહ્યા છો, ધર્માત્મા છો, સહુને ઘેર એમ થાય છે, તમારે ઘેર કંઈ થયું હોય તો તમે તે વખતે અમારી પેઠેજ માતાનો દીવો કરવા અને નાળીએર ચઢાવાને અધિરા થાઓ. માણુસ છે, દેહ છે, કંઈ કળ્યું જાય છે, કયારે માથે આવી પડશે. "પણુ કોઈ જાણે તો અમને મોટી શીક્ષા થાય." અરે દયાળું ભાઈ એ વાત અમે કોને કહેનાર છીએ અને તમે તો કંઈ પોતાની વાત કોઇને કહી હાથે કરીને ફસાઇએ નહિ, માટે ખોટી ન કરો. લ્યો આ " એમ કહી દરેક ચોકીદારના હાથમાં પચીસ પચીસ રૂપીયા પરખાવી દીધા. પૈસો શું નથી કરતો, પૈસો વેર કરાવે છે, પૈસો સંપ કરાવે છે, પૈસો પ્રીતિ કરાવે છે, પૈસો માન અપાવે છે અને પૈસો ગરજ સરાવે છે. પૈસાંની મોહની, પૈસાની લાલચ કોને નથી હતી. સહુને હોય છે તો ચોકી કરનારા જેવા પાંચ સાત રૂપૈડીના નોકરો, ત્રણુ સાડાત્રણુ માસનો

પગાર સામટો મળે તો શું કામ ન લોભાય. તેમની અક્કલ તેમના પગારના પ્રમાણમાંજ હોય છે. અંતે તેઓએ કબુલાત પ્રમાણે એકને જવા દીધું અને એકને પાછું નિકળવા દીધું. ચતુર વહુ એ છગનલાલ ની વહુને સમજાવ્યા પ્રમાણે મહારાણીને મંદીરમાં જઇ બધી વાત કહી, તેમને ગળે ઉતારી, ઝટ છગનની વહુનાં કપડાં પેહેરી લીધાં અને છગનની વહુના વેશમાં બહાર નીકળી પડ્યાં. મહારાણી છૂટયાં, છગનલાલ પોતાની વહુ સાથે મંદીરમાં જે મોત અને જીંદગી વચ્ચે ઝોલાં ખાતા ઉદાશીમાં ગરકાવ હતા તે ઓચીંતા ફેરફારે, માતાજીએ તેમનું—રંકનું—નીર્દોષિનું રક્ષણ કરવાથી ખુશી થયા અને માતાનો તથા પેલી પરોપકારી બાઇનો અનેક ઉપકાર માન્યો. માતાને વધામણું દેવાનું કામ પુરૂં થયું. અંદરથી એક બાઈ નીકળી, જો ભાઈ અમે તમને કંઈ હરકત કરી છે. એક અંદર ગયું અને એક પાછું આવ્યું. આ તમારી ભલાઈના બદલામાં તમને માતાનો પ્રસાદ આપું છું "એમ કહી ફરીને પચીસ પચીસ રૂપીયા રીપાઇઓને ચતુર વહુ એ પરખાવી દીધા." ભાઈ તમારી મેહેરબાનીથી માતાની માનતા પુરી થઈ. ચંદનબાના ઉપર માતાજી પ્રસન્ન થયાં સઉ રાજી થયાં તો તમને કેમ રાજી ન કરવા. માતાનું કામ અને

આસ્તા સહુને વાહાલી છે. માણસ કરતાં પૈસો કંઈ પ્યારો છે. પૈસો તો માતાજી મેળવશે. એમ કહી પટાવી ફોસલાવી પોતાનું કામ કાઢી લૈ ચતુરબા મહારાણીને લઈ ચાલી ગયાં. કામ થઈ જવાથી બાકીનાં બૈરાંને છગનલાલની મા સાથે વિદાય કર્યા છગનલાલની માએ આ બાઇનો ઉપકાર માન્યો અને તેને બદલા તરીકે પાંચસેં રૂપીયા આપવા માંડ્યા પણ તે ન લીધા. ઘણા આગ્રહે એક રૂપીયો ચતુરબાએ લીધો, પછી મહારાણીને ચતુરબા મેહેલમાં મુકી આવ્યાં. મહારાણીએ ચતુરબાની હિમતને માટે, બુદ્ધિને માટે, ચાલાકીને માટે પોતાના ઉપર આવી પડેલી આ વિપત્તીમાંથી છોડાવાને, કલંક, ધીટકારમાંથી છોડાવાને માટે અતિશય આભાર માન્યો અને પોતાના કોટેથી ઉતારીને એક કીમતી હાર ચતુરબાને પેહેરાવ્યો. ચતુરબાએ કહ્યું કે મેં તમારા જેવાં મહારાણીની પ્રત્યેક સેવા બજાવી છે પણ વીશેષ્ય કંઈ કર્યું નથી દાસીઓ ખુશી થઈ. ચતુરબા ખુશી થયાં. ચંદનબાએ ફાડેલા આભને થીગડું માર્યું. ચંદનબાનું મેણું ટાળ્યું, ધન્ય છે ચંદનબા અને ચતુર વહુ જેવી બહાદુર–સાહસિક અબળાઓને!!!

પ્રકરણ ૫ મું.

બીજે દિવસે માતાના મંદીર આગળ રાત્રે પકડાયલા વ્યભિ-
ચારી જોડાને જોવા–વિશેષ્યે કરીને છગમલાલસાથે કોણ છે–કો
ની બૈરી છે તે જોવાને લોકો અધિરા હતા. આંધળો–લુલો
કોટવાળ, ન્યાયાધિશ, સેનાપતી, પ્રધાન અને મહારાજા પધાર્યા
ત્યારે મહારાજાના હુકમથી માતાનું મંદીર ખોલ્યું. છગનલાલે
બેધડક આગળ આવી મહારાજાને અને લોકોને ગંભીર ચેહેરે
પ્રણામ કર્યા. છગનલાલનાં વહુ ઘુંઘટો તાણીને ઉભાં રહ્યાં.
"બદમાસ! તારૂં નામ શું! અને જાર કામ કરનારી આ ઢોંગી
સ્ત્રી કોણ છે! તું બેશક નીચ પાપી અને વ્યભીચારી છે. આ
રાજ્યના કાયદાની, આંધળા લુલાની ચાલાકીની અને ભૂલેચુકે
તારાં જેવાં નિચ કામ કરનારને આજસુધી જે શીક્ષા થૈછે તેની
તને માહીતી હોવી જોઇએ તે છતાં તું નીચ કામમાં આશક્ત
થૈ બધાનો અનાદર કરી—ભંગ કરી શરમાતો—લાજતો નથી
અને મને સલામ કરેછે! કોટવાળ આ બે પાપીઓ જીવે ત્યાંસુ-
ધી યાદ રહે, લોકો તેમને ઓળખી કાઢે તેવી—કપાળમાં ડામ
દેવાની શીક્ષા કરો." કોટવાળે આવી બેજણને પકડયાં પણ

છગનલાલે મહારાજાનું બોલવું ધીરજથી સાંભળ્યા પછી "અન્નદાતા! હું આપનો હુકમ અંગીકાર કરૂં છું પણ મને ડામ દેતા પહેલાં, મારે માટે નહિ પણ ઇનસાફને માટે—પરમેશ્વરને માટે મારૂં બોલવું—મારી અર્જ—છેલ્લી પ્રાર્થના સાંભળશો. પછી મને જોઇએતો ગર્દન મારજો. પણ મારૂ સાંભળ્યા વગર જો કંઇ સાહસ કરશો તો ઈનસાફના પવિત્ર નામને કલંક લાગશે અને આપને પોતાંની ભૂલનો પસ્તાવો થશે એટલુંજ નહિ પણ બેહુના—નિરદોષ માણસ આપના નેક રાજ્યમાં માર્યાં જઇશું." વાણીયાના છોકરાએ હિમતથી અરજ કરી. "કોટવાળ! એને છોડો. કેમ તારે શું કહેવું છે—ઝટ કહે" મહારાજાએ વાણીયાને પોતાની અરજ રજુ કરવાને પરવાનગી આપી. "મહારાજા! મારૂં નામ છગનલાલ ટેકચંદ છે, હું નિર્દોષ છું—આં—મારી પરણત સ્ત્રી પતિવૃતા છે. આંધળા લુલાના બોલવાં ઉપર તેમના અવિચારી કામ ઉપર આધાર રાખીને મને શિક્ષા કરવાને હુકમ આપોછો પણ આપે ખાત્રી કરવી કે આ સ્ત્રી કોઈ બીજી નહિ પણ મારી પોતાની સ્ત્રી—ધર્મ પત્ની છે! મેહેરબાન મહારાજા! આવી રીતે આજ સુધી ઘણાંક નિર્દોષ માણસો આંધળા લુલામાં પરીક્ષા કરવાની

બરાબર સમજ નહિ હોવાને લીધે માર્યાં ગયાં હશે. આજે તેમના પાપનો ઘડો ફુટી ગયોછે. હું અને મારી સ્ત્રી દુકાનમાં સુતાં હતાં, મને દુકાને વાર લાગવાથી તે આવી હતી. હું મારૂં નામું લખવાનું કામ પુરૂં કરી તેને લૈને ઘેર જવાની તૈયારીમાં હતો તેવામાં કોઈ અદેખાએ–વેરીએ તાળું માર્યું—અમને અંદર પુર્યાં અને આંધળા લુલાને તેણે જૈને ખબર આપવાથી અમારા આ હાલ–આ ફજેતી આપના દયાળુ–નેક રાજમાં થાયછે. અફસોસ! હવે મને અને મારી સ્ત્રીને બેલાશક ડામ દયો."

વાણીઆએ બેધડક આંધળા લુલાને ઉધડા લૈને પોતાનો ઉભરો કાઢયો. મહારાજાએ છગનલાલની નાતની સ્ત્રીઓની મારફતે તે કોણછે તેની ખાત્રી કરી લીધી અને જ્યારે છગન અને તેની સ્ત્રી કેવળ નિર્દોષ જણાયાં ત્યારે મહારાજાએ તેમને છૂટાં કર્યાં, તેમને થએલું દુઃખ ગેરઇનસાફ માટે માફી–દરગુજર ચાહી–છેવટ રાજી કરીને ઘેર મોકલ્યા. પછી આંધળા લુલા ઉપર મહારાજાએ અને આખી રૈયતે અનેક ફીટકારનો વરસાદ વરસાવ્યો. પણ આ બેજણા કહેકે જોકે દેખીતી રીતે છગન નિર્દોષ છે તોંપણ આ વાતમાં કંઈ ભેદછે—કંઇ છળપ્રપંચ થયોછે–અમે સાચા છીએ–પ્રભુ કોણજાણે શું થયું–પણ અમને આ વાતમાં

મોટો શકછે. અમે તેનો કંઈ પત્તો આપી શકતા નથી પણ અમે જયારે તે ઘર ઉપર છાપ મારી ત્યારે તેમા છગનની વહુ નહોતી પણ કોઇ બીજી હતી. ભલે છગન નિર્દોષ હોય, તેના સાથે પ્રથમ જે સ્ત્રી હતી તે નિર્દોષ હો અને આ વખતે તે સ્ત્રી ગુમ થઈ જતાં છગનની વહુ નિકળી છગન નિર્દોષ થાયછે. એ બેશક ભેદ ભરેલુંછે. માતાજીએ તેને બચાવી લેવાને આ જુકતી કરી હોય ગમેતેમ હોય પણ આ અજબ જેવો તલેસ-માતી બનાવ છે અને અમે તે માનતા નથી. મહારાજાએ, પ્રધાને કોટવાળે અનેક ખોળ કરી તપાસ કરી પુછપરછ કરી પણ ઘણા દિવસ વીતવા છતાં આ વાતનો કંઈ ભેદ ન માલમ પડયો ત્યારે આ આંધળા લુલાને તેમના કામ ઉપરથી બરતરફ કરયા અને તેમને રાજમાંથી કાઢી મુકયા.

પ્રકરણ ૬ હું.

"ભાબી! તું બેશક મારાથી સરસ છે! તેં મારો ગર્વ ઉતાર્યો છે! મેં ફાડેલું આભ તેં સાંધ્યુ છે!", ચંદનબાએ નમ્રતાથી ચતુર ભાભીને કહ્યું. "કંઇનહિ બેન! મને માફ કરજો! ભલા તમારી ખાત્રી થૈ! જે થયું તે ઠીક થયું! પણ આંધળા લુલાને

ગેરઇનસાફ થયો છે! તે આપણા છળભેદ–વાદવીવાદનું પરીણામ છે! આથી શેહેરમાં હવે ચોરીનો ઉપદ્રવ વધ્યો છે–વ્યભિચારપણું કરતાં હવે સ્ત્રી પુરૂષો ડરતાં નથી! આ ઠીક નથી થતું. આંધળા લુલાની ઘણી જરૂર છે–રૈયતના અને રાજ્યના લાભમાટે પણ જરૂર છે. હવે એ નિર્દોષ વધારે વખત દુઃખી થાય અને આપણને શ્રાપ દે તેમ ન થવું જોઇએ "ચતુર ભાભીએ કહ્યું." બેશક! કોઈ જયુકતી શોધી કાઢવી જોઇએ ભાભી. "ચંદનબાએ તેમ કરવાને આગ્રહ કર્યો." બેન! તારે તમે એક નનામી અરજી મહારાજા ઉપર લખો. "ચતુરભાભીએ સુચના કરી." ત્યારે ભાભી તમેજ લખી કાઢો"

નેક નામદાર મહારાજાધીરાજ!

"છગનલાલ નિર્દોષ ઠરતાં પેલો આંધલો અને લુલો પણ તાલેસમાતી બનાવ વચ્ચે નિર્દોષ અને સાચા છતાં ગુનેગાર ઠરી આપના હુકમથી દૂર થયા છે. તેમના જવાથી રાજમાં ચોરીનો અને વ્યભિચારનો ઉપદ્રવ વધ્યો છે માટે આપે તેમને પાછા પોતાના હોદ્ધા ઉપર કાયમ કરવાને બોલાવવા. જો તેમને બોલાવાની મેહેરબાની કરો અને આ તાલેસમાતી ભેદ ફોડના-

રને—તેમાં સામેલગીરી કરનારને હમેશ માટે માફી બક્ષો તો સઘળું અજવાળુ બહાર મુકવાને હિમત થાય. ભરમ ભાગવાથી આપને જણાશે કે આ કામ એક માંહોમાંહેના વાદ વિવાદનું પરીણામ હતું."

"કેમ તમને પ્રસંદ છે" ચતુર ભાભીએ ચંદનબાને અરજી વાંચી સંભળાવીને પુછ્યું" "બરાબર છે." ચંદનબાએ મંજુરી આપી. આ અરજી મહારાજાને પહોંચી, તેમણે વાંચી, વિચાર કરી એક ઠરાવ બહાર પાડયો. તેમાં ભેદ ફોડનારને મોટી બક્ષીસ આપવાનું વચન અને આંધળા લુલાને ફરીથી કાયમ કરવાની કબુલાત અને સામેલગીરીવાળા સખસોને હમેશને માટે માફી બક્ષીસ હતી. આંધળા લુલાને પાછા બોલાવ્યા અને અમુક દિવસે મહારાજાએ દરબાર ભરવાનો અને ભેદ ખોલનાર સ્ત્રી પુરૂષ અને સામેલગારે બેધડક આવવાને અને ખુલાસો જાહેર કરવાને બીજો ઠરાવ બહાર પાડયો.

નક્કી કરેલે દીવસે આ ભેદ જાણવાને દરબારમાં આખા નગરના લોકો નાનેથી તે મોટા સુધી તમામ હાજર થયા હતા. ભેદ ખોલનારાઓને માટે એક ઉંચી બેઠક બનાવી હતી. પણ

સર્વને અધિરાં કરવાને–એ ભેદ ખોલનાર કોણ હશે તે જાણવાને માટે ઉલટમંદ કરવાને નણંદ ભોજાઈ હજી ઘરમાંજ હતાં. દરબારમાં સઊ ચુપ હતાં. કોઈ લગાર ઉંચું થાય, ખોંખારે કે બોલેતો જાણે તેજ ભેદ ખોલનાર હશે એમ સમજી મહારાજાથી માંડી સહુ તેના તરફ જુવે. અંતે નણંદ ભોજાઈ સુંદર પોશાકમાં જાણે સાક્ષાંત જોગમાયા હોય, પરીઓ હોય તેમ સહુની અજાયબી વચ્ચે દરબારમાં દાખલ થયાં અને ઉંચી બેઠક ઉપર જૈ તેમણે બનેલી સર્વ હકીકત પેહલેથી છેવટ સુધી સુંદર–મુધર શબ્દોમાં, છટાબંધ કહી બતાવી. તે સાંભળી સહુ અજબ થયાં અને તેમની ચાલાકીને માટે તેમનાં ભારે વખાણ કર્યાં. જ્યારે તેમનું બોલવું પુરૂ થયું ત્યારે મહારાજાએ ઉભા થૈને ભાષણ કર્યુંકે "દેવાંગના જેવી સાહસિક અબળાઓ! તમે અબળાઓ નથી. પણ સબળાઓછો–તમારાં કામ પુરૂષો કરતાં ચઢે તેવાં છે! તમારી હિંમત, ચાલાકી અને ઝીણી બુદ્ધિ ઘણી વખાણવા જેવી છે! તમારા વાદ વિવાદમાંથી ખુદ મહારાણીને, છગનલાલને અને આ અપંગ આંધલા લુલાને ભારે સોસવું પડયું છે પણ તમારી ખુબીથીતેનો ટુંક વખતમાં છેડો આવ્યો છે. જેવાં તમો રૂપાળાં છો તેવાં તમારાં બળ બુદ્ધિ અને કામ રૂપાળાં છે.

આ સાહસ કામનું પરિણામ છે અને તે જેમ આવવું જોઇએ તે કરતાં સારૂં આવ્યું છે. હું તમો બંનેને ઘણી સાબાશી આપું છું. તમારા જેવી સ્ત્રીઓ—રતનો મારા રાજ્યમાં છે એવું હું આજ સુધી નહોતો જાણતો પણ આજે તમને જોઇનિ તમારાં કામ પરાક્રમ જાણીને હું ઘણો ખુશી થયો છું, મારી ખુશીના બદલામાં ચંદનબાના પીતાની આજ્ઞા હોય તો હું તેને મારા કુંવર સાથે પરણાવી મારા ઘરમાં મેહેલમાં રાખવાને ખુશી છું. આવું કન્યારત્ન બીજે જવાને હું ખુશી નથી ચતુરવહુને સોગામ આપું છું. આંધળા લુલાને તેમના અસલ દરમાયમાં બેવડો વધારો કરીને ફરીને ચાકરીઉપર કાયમ કરૂંછું અને છગનલાલને પોતાને જે સોસવું પડયું તેને માટે અને હવે તેની નોકરીમાંથી છોડાવાને પાંચગામ બક્ષીસ કરૂં છું. મંદીરની ચોકીઉપર જે લોભી—લાંચખાઉ—ઓછી અક્કલના સીપાઇઓ હતા અને જેમણે મંદીરનું બારણું ઉઘાડીને એક માણસને જવા દીધું હતું તેમને શિખામણ અને ધમકી આપી હવે પછી આવો ગુનો નહિ કરવાની કબુલાત લૈને મારી બક્ષી પછી ખુશાલીના અને સાબાશીના પોકારો વચ્ચે દરબાર બરખાસ્ત થૈ. ચંદનબાહજી કુવારાંજ હતાં. તેથી તેના બાપે મહારાજાની માગણી સ્વીકારી અને

મોટી ધામધુમથી કુંવરસાથે લગ્ન કર્યાં સહુ ખુશી અને સુખી થયાં, આમીન!!

સાર—ઉપલી વાતમાથી એ સાર લેવાનો છે કે જેવીરીતે આ નણંદ ભોજાઇએ પોતાની હુસીઆરી, અક્કલ, ચાલાકી, દુરઅંદેસી વાપરી તેવીરીતે આએ દુનીઆની સપાટી ઉપર એવા માહાભારત અક્કલના અને બલવાન પુરૂષો કાંએ નહીં વસ્તા હોય ? વાસ્તે હરકોઇ ઇનસાનસાથે સરકસી, અને બરોબરી કરતાં ખુબ વીચાર કરવો કે જે પરમકૃપાળુ ઇશ્વરે આપણુને અક્કલ બક્ષી છે. તેના કરતા સવાઇ બીજાનેં બક્ષી ન હોય વાસતે તેની કુદરતને કોઇ રીતે ખાલી નગણતા પોતાની અક્કલ અને બળપર મુસતાક રહેવું નહી, જેણે આપણને આપ્યુ છે તે બીજાને કાં નહી આપે, તે બાબદ ઉપર ખુબ વીચાર કરી હર કામે વર્તવું.

સમાપ્ત.

(નાથ કેસે ગજકો બંધ છોડાયો— એ રાહ).

હરે જાની ખરો હીરો સરજાયો.
ખાનભાઇ તારી ભલાઇ,
કોમનો હતો તું પાયો. હરે જાની.

દોલત આપી શાળા સ્થાપી કોમ તુંજથી હરખાઇ,
હબીબભાઇના કુટુંબે તું અવતર્યો, શુભ પાયો તુજથી નખાયો.
હરે જાની ખરો હીરો સરજાયો.

નુરે હતો પુર, હીંમતે બહાદુર, ભલે આવ્યા ખાનભાઇ,
સું મુરત ખોજામાં તુંએ કીધી, કોમના દીલને તું ભાયો.
હરે જાની ખરો હીરો સરજાયો.

મોટા કરમથી નામ ધરમથી, છે કોમને એ વધાઇ,
નામ કાયમ દીપતું રાખ્યું, રબનો હતો તુંપે છાયો.
હરે જાની ખરો હીરો સરજાયો.

નામ તારૂં ભારી, જયજયકારી, તેં કીધી મોટી કમાઇ,
કાસમ બનાવી, ગુણ તારા ગાએ, ભલે ખોજામાં તું જાયો.
હરે જાની ખરો હીરો સરજાયો

(તારો તુટો ઝલકતો આસમાની— એ રાહ).

હતો ખરો સુધારાનો માલીરે,
હક થયો સાજનભાઇ મેરાલીરે. ટેક.

સખાવતનો બાહદુર, હીંમતનો હાથી,
તુજ વગર કોમછે ખાલીરે. હક થયો.

હયાતી તારી ઇશે ન વધારી,
તોડી ખરી સુધારાની ડાલીરે. હક થયો.

તુંએ દવાખાનું, કન્યાશાળા સ્થાપી,
સખાવતને લીધી તુંએ ઝાલીરે. હક થયો.

કાસમ કહેછે સાંભળો ખોજાભાઇ,
લેજો દ્રષ્ટાંત આંખે ભાલીરે. હક થયો.

BOMBAY—PRINTED AT THE "TATVA-VIVECHAKA" PRESS.

